સાલ : ૭ / સિલસિલાવાર નંબર : ૮૧ / શુમારો : ૯ 　 بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ 　 કુલ પાના - ૧૦+૪

مشكوة الهادي
Mishkaat-ul-Haadi
મવએઝત અને હિકમતથી હક્કની તરફ દાઅવત આપતુ લિસાનુદ્દાઅવતમાં અખબાર

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. 　 તા. ૧ રમઝાનુલ મોઅઝ્ઝમ ૧૪૩૧ હી., ૧૦-૮-૨૦૧૦

## -::: શહરૂલ્લાહ :::-

શહરૂલ્લાહ, અલ્લાહના અને ઈબાદતના મહીના છે. જે ચીઝ અલ્લાહ સાથે નિસ્બત અને નાતો રાખતી હોય તેનો મકસદ પણ ઘણો આઅલા હોય છે. આ મકસદ એની ઈબાદતનો છે. ઈબાદત, કમાલીયત સાથે તે જ કરે કે જે ઈબાદતના મકસદને જાણતો હોય. અલ્લાહતઆલાએ ઈન્સાન-જિન્નાતને પૈદા કીધા તે ફક્ત ઈબાદત વાસ્તે છે. આ ઈબાદત સહી તૌર પર થાય, તેના ઈલાહી ફલસફાને, મકસદને અદલો ઈન્સાફના તરાઝૂમાં તોલીને કરાય તે વાસ્તે અલ્લાહતઆલાએ ઈન્સાનને અકલો ફિકરથી નવાઝેલો છે. અકલ હોય તો ઈબાદતના સવાબ-અજરને ઈન્સાન સમઝે છે. **એના ખાલિક તેમજ રાઝિકે એના પર ઇનાયત કરીને એને પૈદા કીધો એનો એહસાન-શુક્રિયો અદા કરે.** હરરોઝ અલ્લાહતઆલાની પાઁચ નમાઝોથી ઈબાદત થાય છે. એની ઈબાદત-ઈતાઅત અને મખ્લૂકની ખિદમત હરરોઝ અલ્લાહના બંદાઓ કરે છે. પણ, શહરૂલ્લાહની ઈબાદત વાસ્તે કોઈ જવાબ, મિસાલ કે જોટો નથી- અઝમતમાં, અજરમાં, નૂરમાં અને નફસાની-અકલી-ઝહની કરારીયત હાસિલ કરવામાં. એનો નફો અને ફાયદો કોઈ લે તેના વાસ્તે અલ્લાહતઆલાએ એના કિતાબમાં અજીબ શાનથી આ મહીના શહરૂલ્લાહની ઝિક્ર કીધી અને રહમતુલ લિલ આલમીન મોહંમદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ આ મહીનાના વકારને વાસ્તે રહેમતવાલા અલ્ફાઝ અને જુમ્લાઓ ફરમાવા. લોગોને આ મુબારક મહીનાના દસ્તરખાન માંથી રહેમત, મગફેરત અને શફાઅતને હાસિલ કરવા વાસ્તે ગરમજોશીથી દાઅવત આપી.

આપે ફરમાવું કે, "અય લોગો, આ મહીના અઝીમ છે, આ મહીના મુબારક છે." આ સિલસિલામાં આપે શહરૂલ્લાહની અઝમત, આઅમાલ, રોઝા તેમજ રોઝા-ઈફતારી વાસ્તે ઘણા દરાઝ કલામ ફરમાવા.

આ મહીના તમારાથી નઝદીક થઈ ચુકા છે. આ મહીનામાં એક રાત એવી છે કે, જેની ઈબાદત એક હઝાર મહીના કરતા અફઝલ છે, ભારી છે, તે રાત લયલતુલ કદરની રાત છે. જે શખ્સ આ મહીનામાં નૈકીની ખસલતોમાંથી એક પણ નૈકી કરીને અલ્લાહથી નઝદીકી હાસિલ કરે તો એ શખ્સ એના જેવો છે કે જેએ બીજા કોઈ મહીનામાં એક ફરઝ અદા કીધું હોય. હવે જે શખ્સે આ મહીનામાં એક ફરઝ અદા કરે તો એ શખ્સ એના જેવો છે કે જેએ બીજા કોઈ મહીનામાં ૭૦ ફરઝોને અદા કીધા હોય. **યાઅની કે, શહરૂલ્લાહની એક નૈકી, એક ફરઝ મુજબ છે અને એક ફરઝ, ૭૦ ફરઝ મુજબ છે.** આ મહીના સબરના મહીના છે કેમકે રોઝું કરવું તેમાં ફરઝ છે જે બીજા મહીનામાં નથી. સબરની પહેચાન જ રોઝું છે અને તે ઝબાન તેમજ શરમગાહ પર કાબૂ રાખવું છે. રોઝામાં જેમ ઝબાન બંધ થઈ જાય છે તેમ ઈમાનદારને પોતાનું ઈમાન અને અકીદાને ગૈર લોગો આગલ ઝાહિર ન કરવા જોઈએ. આ મુવાસાતના મહીના છે, એકબીજા પર હમદર્દી કરવાના મહીના છે જેમાં હર કોઈ અદનાથી આઅલા પોતાના ફરઝોને પૂરા કરવામાં મશગૂલ રહે છે, એક જ વકતમાં ઈબાદત વાસ્તે મસ્જિદમાં આવે છે, રોઝા-ઈફતારી સાથે મીલીને કરે છે. આ મહીનામાં અલ્લાહતઆલા મુમિનના રિઝકમાં વધારો કરે છે અને જે શખ્સ પોતાના રોઝદાર ભાઈને રોઝા-ઈફતારી કરાવે તેના ગુનાહોને અલ્લાહ માંજી નાખે છે, જહન્નમથી એની ગરદન આઝાદ થાય છે અને એને રોઝદાર જેટલો જ સવાબ હાસિલ થાય છે."

આ મહીના રોઝા ના મહીના છે. રોઝાનો મકસદ જમન-પાનીથી દૂર રહેવુ છે. નફસે અમ્મારાહ-નફસે

*(બકીયાહ પેજ નં. ૨ પર)*

**અકલમંદ ઈન્સાનનું દિલ તેના રાઝની વાતોની સંદૂક (પેટી) છે.**

(પેજ નં. ૧નું બાકી) **શહરૂલ્લાહ.....**

લવ્વામાહને મારવાનું છે. અલ્લાહના આ દીને ખાલિસમાં સાચા ઈમાનદાર વાસ્તે તન-મન, નફસ-જાનને ચોખા કરવાનો તમામ એહતેમામ અને ઈન્તેઝામ છે. જેથી અલ્લાહનો બંદો જડ-ઠોસ-જાડી ચામડીનો-નફ્ફટ-અય્યાર ન થઈ જાય. રોઝાની ભૂખ અને પ્યાસ એના ખૂનની ગરમજોશીને મંદ બનાવીને હલીમી-કરીમી-રહીમી એના ખૂનની નસોમાં દોડવા લાગે. એને એહસાસ થાય કે, ભૂખ-પ્યાસની શિદ્દત કેવી સખત છે. અલ્લાહતઆલાએ મુમિનને દુનિયાની જમવા-પીવાની તમામ નેઅમતો આપી ને આ શિદ્દતથી બચાવા છે. **રોઝા રાખીને ઇન્સાનને એહસાસ થાય કે, તે ઇન્સાન છે, હયવાન નથી.** જે હયવાનની આદત જમવા-પીવા અને બચ્ચા પૈદા કરવા સિવાય બીજું કઈ નથી. આ સોચ એને હયવાનીયતના વહેશી અને ફહેશ ખયાલાતના દાયરામાંથી નીકાલીને ઈન્સાનીયતના દાયરામાં બાંધી રાખે કે, જેમાં એ પૈદા થયો છે અને તે જ દાયરામાં નૈકી કરીને મલકૂતી-ફરિશ્તાઈ દાયરામાં દાખિલ થઈ શકે છે.

રોઝા આગલી ઉમ્મતો પર ફરઝ હતા. એમ ઉમ્મતે મોહંમદીયાહ પર પણ ફરઝ થયા. અલ્લાહતઆલા ફરમાવે છે કે, રોઝામાં તમારા વાસ્તે બહેતરી છે જો તમેં ખરેખર જાણતા હોવ. તમેં અલ્લાહતઆલાથી સબર અને નમાઝના ઝરીએ મદદ માંગો. યહાઁ સબરની માઅના રોઝા રાખવાની છે. રોઝાના સબરની જઝા અલ્લાહતઆલા સિવાય કોન આપી શકે ! કેમકે, અજરે ઈલાહી બે હિસાબ હોય છે. આપ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, કયામતના દિન લંબી રાહતમાં કોન હશે ? એ જ કે જે દુનિયામાં થોડું જમો હશે. કયામતના દિન ભૂખો અને પ્યાસો કોન ઝિયાદહ હશે ? એ જ કે જેએ દુનિયામાં હદથી ઝિયાદહ ખાધું હશે, ખાઉધરો હશે. આપ નબી સાહબ ફરમાવે છે કે, બેશક અલ્લાહતઆલાએ ખાસ ફરિશ્તાઓને રોઝદારો વાસ્તે દોઆ કરવા ખિદમત આપેલી છે. અલ્લાહતઆલા ઈરશાદ કરે છે કે, હું મારા ફરિશ્તાઓને કોઈ પણ મારા બંદા વાસ્તે દોઆ કરવાનો હુકમ કરતો નથી પણ હું તે કુબૂલ કરૂં છું. આપ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, **રોઝદારની ઊંઘ ઇબાદત છે અને એનું સાઁસ લેવું તસ્બીહ છે. હર ચીઝની ઝકાત છે અને તમારા જિસ્મોની ઝકાત રોઝું કરવું છે.**

હમેં અલ્લાહતઆલાનો શુક્રિયા અદા કરીએ કે, અલ્લાહતઆલા રોઝાઓથી હમારા જિસ્મને ચોખા કરશે અને હમારા દીનને શક-શુબેહથી પાક કરશે કેમકે, હમેં રોઝાની ઈફતારી-સહેરીને બસીરતની નઝરથી જોઈએ છીએ અને અહલેબૈતે રસૂલ (સ.અ.વ.વ.) ના અઈમ્મતે તાહેરીન (અ.સ.) ના કદમના અસરો પર ચાલીએ છીએ. જે લોગોએ ઈમામની ઈમામતને મુકી, તેઓના મૂઁહ કાલ પડેલા છે અને તેઓની શરીઅતનો નિઝામ બિગડેલો છે. મૌ.ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, એ શખ્સને વાસ્તે રોઝું છે જ નહીં જે **ઇમામનો નાફરમાન** હોય, એ **ભાગેડું ગુલામ** વાસ્તે રોઝું છે જ નહી યહાઁ તક કે એ પોતાના માલિકની પનાહમાં ન આવે, એ **નાફરમાન ફરઝંદ**ને વાસ્તે રોઝું છે જ નહીં યહાઁ તક કે, એ વાલેદૈનની ઈતાઅત ન કરે, એ **નાફરમાન બૈરો** વાસ્તે રોઝું છે જ નહીં જહાઁ તક કે પોતાના શૌહરની ખિદમત ન કરે. આપ (અ.સ.) આપના ચંદ શીઆઓને નસીહતના અંદાઝમાં ફરમાવે છે કે, અય મારી વલાયત રાખનાર, શું તમેં રાઝી નથી કે, તમેં નમાઝ પઢશો અને તેઓ પણ નમાઝ પઢશે, તમારી નમાઝ કુબૂલ અને તેઓની નહીં. તમેં રોઝા રાખશો અને તેઓ પણ રોઝા રાખશે, તમારા રોઝા કુબૂલ અને તેઓના નહીં. અલ્લાહની કસમ ! નહીં કુબૂલ થાય. તેઓની કોઈ નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત યા તમામ ભલાઈના કામો નહીં કુબૂલ થાય, મગર તમારા જ.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ આપના વસીની મદદથી શરીઅત અને કિતાબની હિફાઝત કીધી અને આપના મિમ્બરો મહેરાબના માલિક કીધા અને ઉમ્મતને ફરમાન કીધું કે, મારી આલના ઈમામો, કિતાબ, હિકમત અને મુલ્કે અઝીમના વારિસ છે. તેઓની ઈતાઅત કરો અને હુકમને સરે તસ્લીમ કરો. અલ્લાહની તો ઈતાઅત કીધી પણ અલ્લાહના નબીની આલથી છેડો ફાડી નાંખો તો તેઓ કામિયાબ ન થયા અને તેઓની તિજારત ફાયદાને બદલે નુકસાનમાં ગઈ. જો અગર તેઓ આલે મોહંમદ (અ.સ.) નું દામન પકડતા તો અમલે સાલેહના બદલામાં બરાબર બદલો મીલતો અને તેઓની તિજારત નફો આપનારી થાતી. ★

**દિલ એક પોશીદા ચીઝ છે, લેહાઝા ઈમાનને પણ છુપેલું રાખો, સાચવીને રાખો.**

## -::: હિકમતના લોગો વાસ્તે " હકીમસાબ " ના નુસ્ખા :::-

### -::: રોઝુ (Fast) જિસ્માની અને રૂહાની સેહતનો બેજોડ નુસ્ખો :::-

➾ આજના ઝમાના નો health conscious - સેહતપસંદ ઈન્સાન એવા નુસ્ખાઓ અને તરીકાઓ તલાશ કરી રહ્યો છે કે, જેનાથી એની life ૧૦૦ વરસની યા એનાથી ઝિયાદહ થાય. Scientsts હવે નવા નવા inventions ની મદદ થી મૌત ને સામે લડવા તૈયાર થઈ રહ્યા છે, જે તેઓની કમઅકલીની ખુલ્લી દલીલ છે. મૌત હક્ક છે અને આ હક્ક આવવા બાદ જ ઈન્સાનને સહી માઅનામાં સુકૂન અને કરાર મીલી શકે છે. **જે લોગો ઝિંદગી અને મૌતની લંબી રસ્સી ને સમઝી નથી શકતા તેઓ વાસ્તે મૌત આવવી તે તમામ ચીઝોનો end છે.** મગર હકીકત કઈ જુદી જ છે. દુનિયાનો કોઈ પણ મઝહબ ફકત બંદગી કરતા જ નથી શીખાવતો મગર તેની ખાસ ચીઝોની પણ તાઅલીમ આપે છે કે જેના સબબ તેના માનનારને ફકત દુનિયામાં જ જિસ્માની સેહત ન મીલે પણ મૌત પછી તેની ઉમ્મીદ કાઈમ રહે. બેશક કોઈ પણ તરહની સેહતનો સરચશ્મો-beginning મઝહબ સિવાય કંઈ નથી. દુનિયાના તમામ મઝહબોનો બાદશાહ ઈસ્લામ મઝહબ છે જેમાં હર તરહની સેહતનો ઈન્તેઝામ છે.

➾ રમઝાનનો મહીનો એટલે રોઝા કરવાનો મહીનો જેમાં હર કોઈ શખ્સ અલ્લાહની રાહમાં ભૂખો અને પ્યાસો રહેવાને વાસ્તે તૈયાર હોય છે. Weight loss કરવાને વાસ્તે આજના લોગો dieting કરે છે, જેમાં વધુ પડતો ખોરાક લેવાની પરહેઝી રખાય છે. આમ કરવાનો મકસદ જિસ્માની સેહત-health હાસિલ કરવાનો હોય છે. મગર રમઝાનના રોઝા તે અલ્લાહથી છે કે જેને વાસ્તે હદીસે કુદસી છે કે, **"રોઝા મારા વાસ્તે છે અને હું એની જઝા આપીશ".** રમઝાનના રોઝા એવો નાયાબ નુસ્ખો છે કે જેમાં જિસ્માની ફાયદા સાથે રૂહાની તરક્કી-બેવે લા તાઅદાદ-countless અને બેઈન્તેહા છે.

➾ રોઝા કરવું ફકત ભૂખા-પ્યાસા રહેવાનું નામ નથી મગર તેના કાનૂન-rules ને સાથે તેને પૂરા કરવું છે. **રમઝાનના ૩૦ દિનો નો સેહત વાસ્તેનો નુસ્ખો** દુનિયાના બીજા કોઈ મઝહબમાં નથી. એને અંદર મુશ્રેકીનના ચંદ મઝહબો જેવી સખ્તી અને જિસ્મ પર ઝુલ્મ નથી યા એવું નથી કે થોડી ચીઝો જમાય અને થોડી ન જમાય.

* Mental Balance : Researchers એ આ વાત સાબિત કીધી છે કે, ઈન્સાનની સોચ પર એના જમન (diet) નો ગહેરો (deep) અસર પડે છે. જમવામાં જો balance અને purity હશે તો વિચારોમાંથી પણ એ જ મુજબ હશે. રમઝાનમાં જેટલા લોગો રોઝદાર હોય છે તેઓનો એક જ મકસદ હોય છે - જેમ બને એમ નમાઝ વાસ્તે મસ્જિદમાં હાઝિર થવું અને બધાને સાથે નમાઝ પઢવી. આમ ૩૦ દિનની આદત અને સોહબત મુમેનીનને દરમિયાન સમાજી રિશ્તાઓ ને મઝબૂત કરે છે. ઉખૂવત-brother hood વધે છે. ભૂખા રહેવાની હાલતમાં mind શાંત રહે છે, ગુસ્સો ઓછો આવે છે, તહઝીબ (manners) વધે છે, cocentration વધે છે.
* Digestion : રમઝાનના દિવસો હમારા Digestive organs વાસ્તે આરામના દિવસો હોય છે. એમાં Liver જે Digestion ની main factory છે, તેને પણ આરામ મીલે છે. પાચનના processes મઝબૂત થાય છે. ખજૂર યા ખારેક પર ઈફતાર કરવાથી body અને brain ને તાઝગી મીલે છે કેમકે તેમાં glucose અને fructose વધારે હોય છે.
* Diabetes : જેને diabetes હોય છે એને સૌથી વધારે ફિક્ર રમઝાનના રોઝા ની હોય છે. તેઓ જાણી લે કે રોઝા કરવું, તે blood sugar ને control કરવાનો બેહતરીન તરીકો છે. શુરૂમાં થોડા દિવસ diabetes ની tablets લેવાના ટાઈમમાં મુશ્કેલી ઝરૂર

*(બકીયાહ પેજ નં. ૧૦ પર)*

**અદબનું અછત થઈ જવું તમામ બુરાઈઓની જડ છે.**

## -::: અકીદાના દાયરામાં ઝકાતની ખાસ સમઝ :::-

✤ કયામત નહીં ઉઠે યહાઁ તક કે નમાઝ, એહસાન જતાવવા વાસ્તે પઢવામાં આવશે, અમાનતને ગનીમતનો માલ સમઝવામાં આવશે અને ઝકાતને જુર્માનો-દંડ તરીકે અદા કરવામાં આવશે. અલ્લાહતઆલા એ માલદારો પર ઝકાતને ફરઝ કીધેલી છે જેમાં દર વરસે જે પૈસાની બચત થઈ હોય તેના ૪૦ રૂપિયા પર ૧ રૂપિયો ઝકાત વાજિબ થાય છે. જે માલદાર શખ્સ ઈમામુઝ્ઝમાન (અ.સ.) ની દાઅવતના સાહબ જે આપના નાઈબ છે, દાઈ છે તેમને ઝકાત અદા ન કરે તો એ મોટો ગુનાહગાર છે. આ બાબત કયામતના દિન તેનાથી હિસાબ લેવામાં આવશે અને અલમનાક અઝાબથી મુઅઝ્ઝબ થાશે.

✤ અલ્લાહતઆલાએ નમાઝ કાઈમ કરવા સાથે ઝકાત અદા કરવું ફરઝ કીધું છે. નમાઝને ઈમામતની નમાઝ સાથે પઢવું જેમ લાઝિમ છે, કે જે ઈમામત હક્કના સાહબની રઝા થી કાઈમ થાય છે, તેમ આ જ હક્કના સાહબની હઝરતમાં ગિન્તી મુજબ શહરૂલ્લાહમાં ઝકાત અદા થાય તો જ નમાઝની અદાયેગી કામિલ થાય છે. કોઈ નમાઝ તો પઢે પણ ઝકાત અદા ન કરે તો તેએ અલ્લાહના એક હુકમને માનો અને બીજા હુકમ વાસ્તે ઈન્કાર કીધો, કુફ્ર કીધો. દાઈએ હક્કથી પોતાની ઝકાતને છુપાવનાર શખ્સ મુનાફિક છે કેમકે તેએ ઝકાત જે જગા પર આપવી જોઈએ ત્યાં ન આપીને ગૈર જગા પર વાલી દીધી.

✤ અલ્લાહતઆલા નમાઝનો હુકમ કરે છે અને મુમિન તે હુકમને સરે તસ્લીમ કરીને નમાઝ પઢે છે. મુમિનની નમાઝ કુબૂલ થાય છે કે નહીં તે જાણવું તેનો હક્ક નથી. મુમિનને જોઈએ કે એ પોતાનું ફરઝ અદા કરે છે કે નહીં ! જો એ અદા કરી દે તો અલ્લાહતઆલા પર આગલની ઝિમ્મેદારી છે. જો કોઈ એમ કહે છે, અલ્લાહતઆલા પહેલે મને બતાવે કે તે મારી નમાઝ કુબૂલ કરશે કે નહી તો જ હું નમાઝ પઢું, રોઝાની જઝા પહેલે મને બતાવે તો જ હું રોઝા રાખું, ગુનાહોને મઆફ કરવાનું સર્ટીફીકેટ આપે તો જ હું હજ્જ પઢું, તો આ એની મોટામાં મોટી જહાલત છે, બેવકૂફી છે. આ જ ચીઝ ઝકાત વાસ્તે લાગું પડે છે. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) અને આપની આલે પાકના અઈમ્મતે તાહેરીન પોત-પોતાના વક્તમાં મુમેનીન પાસેથી ઝકાતને વસૂલ કરતા હતા તો ઝકાત આપનાર પોતાનું ફરઝ અદા કરીને છુટી જાતો હતો. એ કોઈ વક્ત ઈમામે હક્કને એમ ન્હોતો પૂછતો કે તમેં ઝકાતને ક્યાં ખર્ચ કરો છો તે બતાવો તો જ હું ઝકાત આપીશ ! સાહબે હક્ક મુમિનના જાન-માલના માલિક છે, મીસાકના સાહબ છે, ઈમાન અને નસ્સના ધણી છે, નમાઝ અને ઝકાતથી મુમિનના નફસ-માલને પાક કરનાર છે, અલ્લાહતઆલાએ એમને ઝકાત લેવાનો હુકમ ફરમાવો છે અને કુરઆનથી સાબિત છે કે, તે ઝકાતના મુસ્તહિક્ક લોગો કોન છે. **ઇમામે હક્ક તરફ મુમિનનું યકીન અને ઇમાન ઝકાતની અદાયેગીથી પૂરવાર થાય છે.** મુમિનને પોતાનું ફરઝ અદા કરવું જોઈએ અને ઈમામે હક્કની આગલની ઝિમ્મેદારી છે, જે મુઆમેલો આપ ઈમામ અને અલ્લાહને દરમિયાનનો છે.

✤ ફરઝની નમાઝ પઢવી ઝરૂરી છે અને તે ઝાહિરમાં પઢવી જોઈએ. આ નમાઝ વાસ્તે રકાતો મુકર્રર કરવામાં આવી છે, તેમાંથી એક ઓછી યા એક વધારે ન પઢી શકાય, તેને બરાબર કાનૂનથી ઈમામ સાથે તેના વક્ત પર જ પઢી શકાય છે. આ નમાઝના બરખિલાફ નાફેલતની નમાઝ છે કે પાઁચ નમાઝો સિવાય તેની કોઈ ગિન્તી, વક્ત, જગા મુકર્રર નથી. ચાહે તેટલી નમાઝે નાફેલત પઢી શકાય છે અને જેટલી વધારે પઢી હોય તેટલો તેનો સવાબ પણ વધારે. હવે ઝકાત, ફરઝની નમાઝ મુજબ છે અને સદકો, નાફેલતની નમાઝ મુજબ છે. **ઝકાત વાસ્તે તેની ગિન્તી, વક્ત અને તેને લેનાર સાહબ મુકર્રર છે જે સદકા વાસ્તે નથી.** શહરૂલ્લાહમાં દૌલતની ગિન્તી મુજબ દાઈએ હક્કને ઝકાત ઝાહિરમાં આપવી જોઈએ, હવે દૌલતને પાક કરીને દાઈ મુમિનના હક્કમાં બરકત અને રહેમતની દોઆ ફરમાવે છે જે દોઆ તમામ કરતા આઅલા અને અફઝલ છે. સદકો, પૂરા સાલમાં કોઈ ગિન્તી બગૈર કોઈ પણ સાઈલને મખ્ફી તૌર પર આપી શકાય છે. ફરઝની પૂછની છે, નાફેલતની પૂછની નથી. નમાઝે ફરઝ અદા કીધા બાદ જ નમાઝે નાફેલતના મકસદને પહોંચી શકાય છે. લેહાઝા ઝકાત અદા કીધી હશે તો જ સદકાનો અજર હાસિલ થાશે. હવે કોઈ નાફેલત પર ફરઝનું નામ ચઢાવી દે તો તેની અકલ અને અમલનો શું હાલ ? શહરૂલ્લાહમાં

*(બકીયાહ પેજ નં. ૫ પર)*

**જેમ ઈમાન, ઈસ્લામને તેનામાં સમાવી લે છે તેમ કુરઆનની તાવીલ, તફસીરને સમાવી લે છે.**

(પેજ નં. ૪નું બાકી) **અકીદાના દાયરામાં....**

મુનાફેકીન કવરો તકસીમ કરે છે, જે સદકો છે, પણ તેને ઝકાતનું નામ આપે છે, તો આ પરથી તેઓના બીજા વહેવાર અને ફાસિદ ખયાલાતનો અંદાઝો લગાવી શકાય છે. મુનાફિકોની આ મુજબની સિફત મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ના ઝમાનાથી ચાલતી આવે છે જેઓ આપસી અદાવત અને દુશ્મનીના સબબ આપને ઝકાત અદા કરવાને બદલે બીજાને આપી. ઝકાતના આપનાર મુનાફિકોની ઝિક્ર અલ્લાહતઆલા સૂરતુલ માઊનમાં કરે છે. જેમ નમાઝ, દાઅવતનો એક અતૂટ હિસ્સો છે તેમ ઝકાત, દાઅવતની એક એવી હકીકત છે જેની માઅના ઘણા આકિલ અને સંજીદાહ લોગો સમઝી શકે છે.

✤ એક વજેહમાં ઝકાત યાઅની ટેક્સ. તે કીમત યા રકમ જેને આપવાથી કોઈ એક ચીઝને વાપરવું યા તેનાથી સર્વીસ લેવી જાઈઝ ઠેહરે છે. બાઝારમાં જે જે ચીઝો મીલે છે તેને વાપરવું ત્યારે જ જાઈઝ થાય જ્યારે તેનો ટેક્સ ચુકવવામાં આવે. તો દુનિયાના લોગો પોતાનો કારોબાર ચલાવવા તરહ-તરહના ટેકસ હુકૂમતને અદા કરે છે, બીઝનેસના વહેવારને સાફ રાખે છે. બીજી બાઝું દીન છે કે જેના ઘેરાવમાં દુનિયા છે અને જેનો નિઝામ પાયદાર છે, ખામી બગૈરનો છે અને જેના રૂકન ખુદ અલ્લાહતઆલાએ બનાવેલા છે. દીનના રૂકન એવા છે કે, જેને અદા કરવાથી મુમિન ને અમલની, જિસ્મની, દૌલતની અને નફસની પાકી હાસિલ થાય છે. ઝકાત યાઅની પાક કરવું જે માલમાંથી ગંદકીને દૂર કરે છે, યા કોઈ પણ ચીઝને તહારત બખ્શે છે, બરકતવાલી બનાવે છે, કાબિલે કુબૂલ બનાવે છે. તમામ આઅમાલની ઝકાત નમાઝ પઢવું છે, કોઈ અમલ કુબૂલ થાશે જ નહીં જહાઁ તક નમાઝ નહીં હોય. જિસ્મની ઝકાત રોઝું રાખવું છે, જમવા-પીવાથી રાહત તે જ વક્ત હાસિલ થાશે જ્યારે રોઝું રાખું હશે. **માલો દૌલતની ઝકાત દાઇએ હક્કનું વાજેબાત કુબૂલ કરી દોઆ કરવું છે,** અમલે ખૈરમાં ખર્ચ કીધેલા હઝારો રૂપિયા કોઈ કામ નહીં લાગે જહાઁ તક વાજેબાત અદા નહીં થઈ હોય. દુનિયાની ઝિંદગી અને ફિતરી વિલાદતની ઝકાત સિલો-ફિતરો છે, જહાઁ તક મુમિન હર હાલમાં પોતાના દાઈને શહરૂલ્લાહમાં પોતાની જાનને પાક કરવા ફિતરો અદા નહીં કરે વહાં તક અલ્લાહતઆલા એના રોઝા-નમાઝને કુબૂલ કરશે નહીં.

✤ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, કોઈ માલ ઝમીનમાં અને દરિયામાં હલાક નહીં થાય પણ ઝકાત ન આપવાના સબબ, તેથી ઝકાત આપીને તમેં તમારા માલની હિફાઝત કરો, સદકો આપીને તમેં તમારા મરીઝોની દવા કરો અને દોઆ કરીને તમેં બલાને દફઅ કરો, દૂર કરો. મૌલાના અલી (અ.સ.) ફરમાવે છે કે, ઝકાત આપવાનો ઈન્કાર કરનાર, વ્યાજ ખાનારની મુજબ છે. જે શખ્સ પોતાના માલની ઝકાત ન આપે તો એ મુમિન ન કહેવાય. હકીકત એ છે કે, **જેમ જેમ કયામત નઝદીક આવશે તેમ તેમ અલ્લાહતઆલાની આ દાઅવતે હક્કના દુશ્મનો વધશે અને તે દુશ્મનો અકસર કરીને માલદાર હશે.** આ લોગો પહેલા દાઅવતે હક્કના અકીદાઓને મુકશે, સાહબે હક્કની વલાયતને મુકશે, નમાઝ, રોઝા, ઝકાત અને બીજા અમલને તેના હક્ક મુજબ અદા નહીં કરે, મુમેનીનમાં ફસાદ પૈદા કરશે. અલ્લાહ, એના રસૂલ અને એના વલીની હઝાર હઝાર રહેમત એ માલદાર મુમિન પર કે જે શરીઅતના હર હુકમને તેના હક્ક મુજબ અદા કરે છે અને દાઈએ હક્કની વલાયતને તમામ અમલ નો સરદાર માને છે. ★

## –::: દર યાદે મુશ્કિલકુશા અલી (અ.સ.) :::–

ઉન્નીસવીં કો મેહશર હમ સુબ્હ કો પાતેં હૈં, અબ સર પે શહેવાલા તલવાર જો ખાતે હૈં.
હે વક્ત યે તાઅત કા પઢ લે તું નમાઝ ઉઠ કર, કાતિલ કો શહેવાલા ઈસ તરહ જગાતેં હૈં.
અલ્લાહ કા ઘર રોશન દેખા ન લઈનોં ને, એક શમ્એ ઈબાદતથી ઉસ કો ભી બુઝાતે હૈં.
સર પર બને મુલજિમ કી ઝરબત જો પડી હે હે, સજદે સે જિબીં અપની જબ શાહ ઉઠાતેં હૈં.
બાબા કો મેરે ઝખ્મી સજદે મેં કિયા કિસને, કુલસૂમ કે યે નાઅલે આલમ કો હિલાતે હૈં.
જિબરીલ કે નાઅલે હૈં લો કત્લ હુએ હયદર, મસ્જિદ કી તરફ બેટે રોતે હુએ આતેં હૈં.
સર શક હે શહે દીં કા મસ્જિદ મેં તડપતેં હૈં, કયા યૂઁ હી નમાઝી કો તલવાર લગાતેં હૈં. ★

**અકલ દિલમાંથી આવે છે, રહેમ કલેજામાંથી આવે છે અને સમઝ આઁખમાંથી આવે છે.**

# -::: શહાદતે મૌ.અલી (અ.સ.) :::-

શહરૂલ્લાહિલ હરામના બીજા દસકાના આખિરી અય્યામ આવે છે કે, હમારા દિલોમાં મુશ્કિલકુશા અમીરૂલ મુમેનીન અલી (અ.સ.) પર આ અય્યામમાં આફત અને મુસીબતના લમ્હા ગુઝરા અને આપની શહાદતે ઉઝમા વાકેઅ થઈ તેનો પુરઅલમ નકશો હમારી નઝરોને સામે આવી જાય છે. આ દસકો મગફેરતનો દસકો છે અને હમારા મૌલાનો વસીલો હમારી મગફેરતને વાસ્તે બહેતર અને આઅલા કેમ ન હોય શકે ! આપ મૌલા જ હમારા વાસ્તે નેઅમુલ વાસ્તા અને નેઅમુલ વસીલા છો. હમેં આપની શહાદતને નઝદીકના વાકેઆત પર થોડી નઝર નાંખી લઈએ.

શહરૂલ્લાહમાં આપ કૂફામાં છો. એક દિન આપ મૌ.ઝૈનબના યહાઁ ઈફતાર વાસ્તે પધારા. મૌ.ઝયનબે નમકની એક દલી, દહીનો પ્યાલો અને રોટલી લાવીને મુકી. આપ મૌલા ફરમાવે છે કે, અય મારી પ્યારી દિકરી ! શું કોઈ દિકરી એમ ખયાલ કરે કે, પોતાના બાવાજીનો હિસાબ ઝિયાદહ થાય ? મૌ.ઝયનબ હાથ જોડીને અરઝ કરે છે કે, **અય બાવાજી સાહબ ! શું મારાથી કોઇ કુસૂર થયો છે ?** આપ મૌલા ફરાવે છે કે, દિકરી ! આ તીન ચીઝો શું કામ ? રોટલી અને નમક રહેવા દો અને આ દહીંનો પ્યાલો ઉઠાવી લો. તે બાદ આપે રોટલીના તીન લુકમા નમકમાં લીધા.

મુમેનીન, હિકમતની વાત એ છે કે, જે વક્ત રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) હતા અને આપ મૌલા એમની સોહબતમાં હતા તો રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) જે જમે તે આપ જમે, રસૂલુલ્લાહ જેમ લુકમા લે તેમ આપ પણ લે, આપ કોઈ તરહનો પરહૈઝ ન્હોતા કરતા. પણ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ઈન્તેકાલ બાદ અને ખાસ કરીને ઝાહિરી ખિલાફતમાં આપ આવા તે વક્ત આપ કપડા પહેરતા તો ઠીંગડાવાલા કપડા પહેરતા, આપને ભૂખ લાગે તો જવનો આટો ફાંકે, આપ કોઈ વક્ત તમક્કુન-સુકૂન સાથે જમન ન જમે. **સાદાઇથી રહેવું આપનો લિબાસ હતો અને પરહૈઝગારી આપના વાસ્તે દુનિયાની ઝીનત હતી.**

આપ મૌલાને નઝદીક એક મુસાફિર આવા. આપ જવનો આટો ફાંકી રહ્યા છે. એક મોટું સંદૂક છે. જેના પર તાલું વાગેલું છે. મુસાફિર કહે છે કે, મને આપો. આપ ફરમાવે છે કે, અય મુસાફિર, આ તારા ગલે નહીં ઉતરે. ઘણી જ આજિઝી કરવા લાગો. આખિરમાં આપે થોડો આટો આપો તો તેનું ગલું પકડાય ગયું, તે ઘણો બેકરાર થઈ ગયો. ફૌરન પાની પીધું અને મુસાફિર બોલો કે, આ તો ખૂબ મુશ્કિલ છે, આટો ઘણો સસ્તો છે. આપ મૌલાએ ફરમાવું કે, મારા ઘરના લોગો આ આટામાં ઘી અને શકર મીલાવે છે પણ તે મને મન્ઝૂર નથી. આ અલીને તો લૂખો જ આટો ભાવે છે. પેલા તાલું મારેલા સંદૂકમાં શું છે તે ફક્ત હું જ જાણું છું.

શહાદતના મહીના શહરૂલ્લાહ આવા. આપ મૌલાની ઉમર ૬૩ સાલની થઈ ચુકી હતી અને આ જ ઉમરમાં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) દારૂલ બકા તરફ ગયા હતા. જે મહીનાની નબી સાહબે આપને ખબર કીધી હતી તે આવી ગયા. તે રાતે આપ તીન લુકમા પર ઈફતાર કરે છે અને લઈન ઈબ્ને મુલ્જિમ આપના કત્લ પર તૈયાર થઈ ચુકો છે. ૧૯ મી રાત, શહાદતની રાત આવી, આપ તમામ રાત ઝિક્રે ઈલાહીમાં ગુઝારે છે. આપનો અમલ એ મુજબ હોય છે કે, આપ થોડી વાર નમાઝ પઢે, થોડી વાર આડા સુઈ જાય, પાછા ઉઠે અને વુઝૂ કરવા ઉભા થાય યહાઁ તક કે ઘરના સહેનમાં પધારે છે, ઘરના બાહર આંગનમાં આસમાન તરફ જોઈને ફરમાવે છે કે, **મેં ખોટું નહીં કહું અને રસૂલેખુદાએ પણ મને ખોટી વાત નથી કીધી.** આજની રાત મારી શહાદતની રાત છે, આ મુજબ આપ ઘણી વાર કહે છે. પાછલી રાતમાં આપને એક સપનું આવે છે તો બેવે શાહઝાદાઓને બોલાવીને કહે છે કે, મેં સપનું જોયું કે જેમાં જિબ્રઈલ ઉતરા અને જબલે અબી કુબૈસ પરથી બે પત્થરો લીધા અને તેને આપસમાં ટકરાવા. તેના ટુકડે ટુકડા થઈ ગયા અને શહેરના તમામ ઘરે ઘરમાં તે પડા. ઈમામૈન હુસનૈન અરઝ કરે છે કે, બાવાજી સાહેબ ! આ સપનાની તાઅબીર શું છે, હકીકત શું છે ? આપ મૌલા ફરમાવે છે કે, તાઅબીર એ છે કે, તમારા બાવાજી શહીદ થાશે અને એનું માતમ આ શહેરમાં ઘરે ઘર થાશે.

લઈન ઈબ્ને મુલ્જિમે આપ મૌલાના ફર્ક મુબારક પર ઝહેરીલી તલવારથી વાર કીધો. ફર્ક મુબારકની હુરમતવાલી જગા કઈ જગા છે તેની બયાની આ વાકેઆથી રોશન થાય છે. એક દિન આપ મૌલા નબી સાહબના

*(બકીયાહ પેજ નં. ૯ પર)*

**નૈકીનો ખયાલ નૈક સોહબતથી આવે છે.**

## -::: શહરૂલ્લાહના તારીખી વાકેઆત :::-

| | | |
|---|---|---|
| (૧) | ૧૭ રમઝાન ૨ હિ. (૬૨૪ ઈ.સ.) | : હિજરત બાદ દીને ઈસ્લામની પહેલી જંગ, જંગે બદર થઈ જેમાં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને કામિયાબી હાસિલ થઈ અને આપનો કટ્ટર દુશ્મન અબુ જહલ હલાક થયો. |
| (૨) | ૧૫ રમઝાન ૩ હિ. (૬૨૫ ઈ.સ.) | : પહેલા ઈમામ મૌ.હસન અલ-મુજતબા (અ.સ.) ની મદીનામાં વિલાદત બા-સઆદત થઈ. આપની ઈમામતની મુદ્દત ૯ વરસ, ૬ મહીના અને ૧૩ દિનની છે. |
| (૩) | ૬ રમઝાન ૮ હિ. (૬૨૯ ઈ.સ.) | : રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) લશ્કરે ઈસ્લામીને લઈને ફત્હે મક્કા વાસ્તે મદીનાથી નીકલા. |
| (૪) | ૨૦ રમઝાન ૮ હિ. (૬૩૦ ઈ.સ.) | : કોઈ જંગ બગૈર મક્કા ફતેહ થયું અને કુફ્ફાર ઈસ્લામી તાકત સામે સરનિગૂં થઈ ગયા, ઝુકી ગયા. |
| (૫) | ૧૯ રમઝાન ૪૦ હિ. (૬૬૧ ઈ.સ.) | : મૌ.અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) પર કૂફાની મસ્જિદમાં લઈન ઈબ્ને મુલ્જિમે ઝહેરીલી તલવારથી સજદાની હાલતમાં વાર કીધો. |
| (૬) | ૨૧ રમઝાન ૪૦ હિ. (૬૬૧ ઈ.સ.) | : મૌલાના અલી (અ.સ.) ની શહાદત થઈ અને આપનો સાયો દુનિયા પરથી ઊઠી ગયો. અપની વસાયતની મુદ્દત ૩૦ વરસ, ૬ મહીના અને ૧૨ દિનની છે અને ઝાહિરી ખિલાફતની મુદ્દત ૪ વરસ અને ૬ મહીનાની છે. |
| (૭) | ૧૦ રમઝાન ૬૦ હિ. (૬૮૦ ઈ.સ.) | : મક્કામાં ઈમામ હુસૈન (અ.સ.) ને કૂફા આવવા વાસ્તે ત્યાંના કાસિદો ઈઝનના કાગઝો લઈને આવા. |
| (૮) | ૨૧ રમઝાન ૩૧૯ હિ. (૯૩૧ ઈ.સ.) | : ૧૪ માં ફાતેમી ઈમામ મૌ.મોઈઝ (અ.સ.) ની વિલાદત બા-સઆદત રક્કદહ શહેર (તુનેસીયા) માં થઈ. |
| (૯) | ૫ રમઝાન ૩૪૨ હિ. (૯૫૪ ઈ.સ.) | : ૧૩માં ફાતેમી ઈમામ મૌ.મન્સૂર (અ.સ.) ના વક્તમાં ઉસ્તાઝ જૂઝર વફાત થયા. આપે ત્રણ ઈમામો, ઈમામ મહેદી (અ.સ.), ઈમામ કાઈમ (અ.સ.) અને ઈમામ મન્સૂર (અ.સ.) ની ખિદમત કીધી છે. આપ ઘણા ઈલાકાઓમાં ઈમામ તરફથી વાલી બનીને ગયા છે, દુશ્મનો સાથે સખ્ત જંગ કીધી છે, દાઅવતના કુલ ઊમૂર સંભાલા છે. સૈ.કાઝી નોઅમાન સાહબે આપનું ગુસ્લો કફન અંજામ આપું છે. |
| (૧૦) | ૮ રમઝાન ૩૬૦ હિ. (૯૬૯ ઈ.સ.) | : તારીખે અઈમ્મતે બનુ ફાતેમા (અ.સ.) વાસ્તે આ દિન ઘણો જ યાદગાર દિન છે. મૌ. ઈમામ મોઈઝની હિદાયતથી મૌ.કાઈદ જૌહરે ઈજીપ્ત ફતેહ કીધું, કાહેરા શહેરની બુનિયાદ નાંખવામાં આવી. જામએ અઝહર અને મહેલની આલીશાન ઈમારતોની સંગે બુનિયાદ મુકાય. |
| (૧૧) | ૭ રમઝાન ૩૬૧ હિ. (૯૭૨ ઈ.સ.) | : કાહેરા શહેરમાં જામએ અઝહરનું ઈફતેતાહ મૌ.મોઈઝ (અ.સ.) ના હુકમથી આપના સિપેહસાલાર મૌ. કાઈદ જૌહર (રિ.અ.) એ ફરમાવું. આ શહેર ફાતેમી સલતનતનું કેપીટલ બનું, મિસરી કેલેન્ડર રાઈજ થયું, ફાતેમી અકીદા મુજબની અઝાન દેવાનો અને કાનૂની ફેસલા કરવાનો હુકમ સાદિર થયો. |
| (૧૨) | ૫ રમઝાન ૩૬૨ હિ. (૯૭૩ ઈ.સ.) | : મૌ.ઈમામ મોઈઝ (અ.સ.) કાહેરા શહેરમાં દાખિલ થયા અને આપના મહેલમાં જઈને નમાઝ અદા કીધી. આ શહેરનું નામ આપ ઈમામના નામથી અલ-કાહેરતુલ મોઈઝ્ઝીયાહ રાખવામાં આવું. |

*(બકીયાહ પેજ નં. ૮ પર)*

**દુનિયામાં દૌલતથી ખઝાનો ભરનાર શખ્સ, આખેરતમાં નૈકીના ખઝાનાથી મહેરૂમ હશે.**

*(પેજ નં. ૭નું બાકી)*

***શહરૂલ્લાહના તારીખી વાકેઆત....***

(૧૩) ૧૨ રમઝાન ૩૮૬ હિ. (૯૯૬ ઈ.સ.) : ૧૫ માં ફાતેમી ઈમામ મૌ.અઝીઝ (અ.સ.) નો કાહેરા શહેરમાં ઈન્તેકાલ પુર મલાલ થયો. આપની ઈમામતની મુદ્દત ૨૧ વરસ અને ૧ મહીનાની છે.

(૧૪) ૧૦ રમઝાન ૩૯૫ હિ. (૧૦૦૫ ઈ.સ.) : ૧૭ માં ફાતેમી ઈમામ મૌ.ઝાહિર (અ.સ.) ની કાહેરા શહેરમાં વિલાદત બા-સઆદત થઈ. આપની ઈમામતની મુદ્દત ૧૫ વરસ, ૧૦ મહીના અને ૩ દિનની છે.

(૧૫) ૧૬ રમઝાન ૪૨૦ હિ. (૧૦૨૯ ઈ.સ.) : ૧૮ માં ફાતેમી ઈમામ મૌ.મુસ્તનસિર (અ.સ.) ની કાહેરા શહેરમાં વિલાદત પુર સઆદત થઈ. આપની ઈમામતની મુદ્દત ૬૦ વરસ, ૩ મહીના અને ૧૭ દિનની છે.

(૧૬) ૯ રમઝાન ૮૦૯ હિ. (૧૪૦૭ ઈ.સ.) : ૧૬માં દાઈએ મુત્લક સૈ.અબ્દુલ્લાહ ફખરૂદ્દીન બિન અલી (ક.રૂ.) યમનમાં વફાત થયા અને આપની કબરે અન્વર હિસ્ને ઝમરમરમાં છે. આપની દાઅવતની મુદ્દત ૩૦ વરસ જેટલી છે.

(૧૭) ૭ રમઝાન ૧૦૦૫ હિ. (૧૫૯૭ ઈ.સ.) : ૨૭ માં દાઈએ મુત્લક સૈ.બુરહાનુદ્દીન દાઊદજી બિન અજબશાહ (ક.રૂ.) અને ૨૮ માં દાઈએ મુત્લક સૈ.શૈખ આદમ સફીયુદ્દીન (ક.રૂ.) લાહોરમાં અકબર બાદશાહના દરબારમાં પધારા જ્યાં શૈખ સુલૈમાને દાઈ હોવાનો મુકદ્દમો દાખિલ કીધો હતો. બાદશાહે સૈયેદનાનો ઘણો એહતેરામ કરીને ગરમજોશીથી ઈસ્તિકબાલ કીધો હતો અને તમામ હકીકતો જાણા બાદ સૈયેદનાના હક્કમાં ફેસલો કીધો હતો. થોડા જ અય્યામ બાદ રમઝાનમાં જ લાહોરમાં શૈખ સુલૈમાનની મૌત થઈ હતી.

(૧૮) ૩૦ રમઝાન ૧૨૫૨ હિ. (૧૮૩૭ ઈ.સ.) : ૩૮ માં દાઈએ મુત્લક સૈ.હમીદુદ્દીન શમ્સુદ્દીન બિન સૈ.શૈખઅલી (ક.રૂ.) વડોદરામાં વફાત થયા અને આપની કબરે અન્વર બુસ્તાને બદરી, વડોદરામાં છે. આપની દાઅવતની મુદ્દત ૪ વરસ ૨ મહીના અને ૫ દિનની છે.

(૧૯) ૧૦ રમઝાન ૧૩૦૮ હિ. (૧૮૯૧ ઈ.સ.) : ૪૧ માં દાઈએ મુત્લક સૈયેદના ફખરૂદ્દીન જીવાભાઈ બિન સૈ.અમીરૂદ્દીન સાહબ (ક.રૂ.) એ શહરૂલ્લાહની આમદ (આવવાની) અને વદાઅ (રૂખ્સત થાવા) ની અબ્યાત-શેઅર-અશઆર તસ્નીફ કરવાની ઈબ્તેદા કીધી. ૧૩૩૨ હિ. તક આ સિલસિલામાં આપે કુલ ૧૯ અબ્યાત બનાવી જે "બિસ્મિલ્લાહ" ના ૧૯ હુરૂફ તરફ ઈશારો કરે છે. દાઅવતે હાદીયાહની મજલિસોમાં શહરૂલ્લાહના મૌકા પર આમાંથી મુખ્તલિફ અબ્યાત પઢવામાં આવે છે.

(૨૦) ૧ રમઝાન ૧૩૭૫ હિ. (૧૯૫૬ ઈ.સ.) : હુઝૂરેઆલી સૈયેદના સાહબ (ત.ઉ.શ.) શહરૂલ્લાહની ખિદમત વાસ્તે મુંબઈ પધારા અને ૧૩૮૦ હિ. માં આપ માઝૂને મુત્લકના દરજા પર ફાઈઝ થયા તે વકતથી સૈ. નૂરૂદ્દીન સાહબના ઈન્તેકાલના વક્ત તક શહરૂલ્લાહની ખિદમાતને મુંબઈમાં જ અદા કીધી અને મુમેનીને આપના પુરલુત્ફ આવાઝ અને દોઆના અંદાઝથી ફૈઝ હાસિલ કીધો.

(૨૧) ૨૨ રમઝાન ૧૩૯૯ હિ. (૧૯૭૯ ઈ.સ.) : માઝૂનુદ્દાઅવત સૈ.હાતિમ ઝકીયુદ્દીન સાહબ (દા.મ.) તાઅલીમ હાસિલ કરવા મુંબઈ પધારા અને ત્યાં ૨૦ સાલની ઉમરે આપે પહલી વાર લયલતુલ કદરની નમાઝ ની ખિદમત અદા કીધી હતી.

(૨૨) ૧ રમઝાન ૧૪૧૩ હિ. (૧૯૯૩ ઈ.સ.) : હુઝૂરેઆલી સૈયેદના સાહબ (ત.ઉ.શ.) ના દસ્તે મુબારક પર ૨૭ મી શાઅબાને "તૈયેબી મસ્જિદ" (આજવા રોડ, વડોદરા) નું ઈફતેતાહ થયા બાદ ત્યાં શહરૂલ્લાહની નમાઝો વાસ્તે રઝા ઈનાયત થઈ હતી.

(૨૩) ૫ રમઝાન ૧૪૧૩ હિ. (૧૯૯૩ ઈ.સ.) : દાઅવતે હાદીયાહની વાજેબાતની અદાયેગી થયાનું સફાઈ કાર્ડ આપવાની ઈબ્તેદા થઈ હતી.

*(બકીયાહ પેજ નં. ૯ પર)*

**નરમ કલામ, અકલમંદ શખ્સનું ધારદાર હથિયાર છે.**

*(પેજ નં. ૮નું બાકી)*

***શહરૂલ્લાહનાતારીખીવાકેઆત....***

(૨૪) ૨૨ રમઝાન ૧૪૧૯ હિ. (૧૯૯૮ ઈ.સ.) : મુકાસિરૂદાઅવત અલ-મુકદ્દસ ડૉ.હુસૈન મોઇનુદ્દીન સાહબ (રિ.અ.) ૧૯ સાલની મુંબઇના મુમેનીનની ખિદમત દૌરાન હુઝૂરેઆલી (ત.ઉ.શ.) ના ફરમાનથી વડોદરામાં જામેઅ મસ્જિદમાં ખુસૂસી તૌર પર લયલતુલ કદરની ખિદમત વાસ્તે પધારા હતા. આપનો ઈન્તેકાલ પુર મલાલ ૧૩ શવ્વાલ ૧૪૨૯ હિ. માં થયો છે.

(૨૫) ૩૦ રમઝાન ૧૪૨૧ હિ. (૨૦૦૦ ઈ.સ.) : માઝૂનુદાઅવત સૈયેદી સાહબે (દા.મ.) ઈદ રાતે તહજ્જુદની નમાઝ બાદ નૂરાની મસ્જિદમાં મુમેનીનની પંદો નસીહત વાસ્તે "રોટી" ના ટોપિક પર અશ્આર તસ્નીફ ફરમાવા હતા. જેના બાદ બીજા વરસે "આદમી" ના મઝમૂન પર અશ્આર પઢા હતા.

(૨૬) ૨૧ રમઝાન ૧૪૨૬ હિ. (૨૦૦૪ ઈ.સ.) : ૨૭ વરસની તવીલ મુદ્દત બાદ હુઝૂરેઆલી સૈ. તૈયેબ ઝિયાઉદ્દીન સાહબ (ત.ઉ.શ.) પૂરી ફાતેમી શાન, તૈયેબી જલાલ અને અલવી જમાલ સાથે ફખરી મસ્જિદ ફખરી મોહલ્લામાં મગરિબની નમાઝ વાસ્તે પધારા હતા. ત્યાં મૌ.અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ની યાદમાં ખાસ મજલિસ મુન્અકિદ કીધી હતી.

(૨૭) ૧ રમઝાન ૧૪૨૮ હિ. (૨૦૦૭ ઈ.સ.) : નડીયાદમાં ૨૭ મી શાઅબાનના દિન "મસ્જિદે ફાતેમી" ના પુરજોશ ઈફતેતાહ બાદ હુઝૂરેઆલી સૈયેદના સાહબ (ત.ઉ.શ.) એ ત્યાં રહેનારા મુમેનીનમાંથી સાહબોને તૈયાર કરી શહરૂલ્લાહની ઈબાદતો વાસ્તે રઝા ઈનાયત ફરમાવી હતી.

(૨૮) ૧૩ રમઝાન ૧૪૨૯ હિ. (૨૦૦૮ ઈ.સ.) : માઝૂનુદાઅવત સૈયેદી સાહબે (દા.મ.) મુંબઇ શહેરના મુમેનીન-મુમેનાતનો અહદ મુબારક-બયઅતે ઈમામુઝઝમાન (અ.સ.) લીધો, જેની મજલિસમાં મુકાસિરૂદાઅવત ડૉ.સાહબ (દા.મ.) મુખ્તસર વકત વાસ્તે બીમારીની હાલતમાં પધારા હતા અને મુમેનીન આપની કદમબોસીથી શરફયાબ થયા હતા. એક મહીના બાદ આપ સાહબનો ૧૩ શવ્વાલના દિન ઈન્તેકાલ પુરમલાલ થયો હતો. ★

---

*(પેજ નં. ૬ નું બાકી)*

***શહાદતે મૌ.અલી (અ.સ.)...***

યહાઁ તશરીફ લાવે છે. તે હંગામમાં જિબ્રઈલ અમીન ત્યાં બેસેલા છે. આપ મૌલાને જોઇને આપની તાઅઝીમ વાસ્તે જિબ્રઈલ ઉભા થઇ જાય છે. રસૂલેખુદા (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, **અય જિબ્રઇલ ! આ નૌજવાનને તમેં જાણો છો, આ અલી છે.** એને તમેં આ મુજબ તાઅઝીમ અને કરામત કેમ આપો છો ? જિબ્રઈલ બોલા કે, યા રસૂલુલ્લાહ, આ નૌજવાન તે વકત મને કામ લાગા જે વકત કે મારા પર મુશ્કિલનો વકત હતો. જે વકત અલ્લાહતઆલાએ મને પૈદા કીધો તો મને સવાલ કીધો કે, તમેં કોન છો અને હું કોન છુ ? મારૂં નામ શું છે અને તમારૂં નામ શું છે ? મેં પરૈશાન થઇ ગયો, તે વકત આ નૌજવાન પધારા અને મને કહ્યું કે, તમેં એમ કહો કે, તું રબ્બે જલીલ છે અને હું અબ્દે ઝલીલ છું અને મારૂં નામ જિબ્રઈલ છે. **તો અય નબી, આ તે એમનો હક્ક છે.**

રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, અય જિબ્રઈલ, આ કેટલા વરસ પહેલાની વાત છે? જિબ્રઈલ કહે છે કે, આસમાનમાં એક તારો ઉગે છે જે તીસ હઝાર વરસમાં એક વાર બને છે. એવા તારા મેં તીસ વાર જોયા છે. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, અય ભાઇ અલી, આપના ફર્ક મુબારક પરથી પાઘડી ઊંચી કરો. જોઇ છે શું કે, પેલા તારા આપ મૌલાના ફર્ક મુબારક પર ચમકી રહ્યા છે જે તારાને જિબ્રઈલે જોયા હતા.

**લાઇલાહા ઇલ્લલ્લાહ મોહંમદુન રસૂલુલ્લાહ**
**અલીયુન વલીયુલ્લાહ વલ-અઇમ્મતો મિન ઝુર્રીયતેહી ખોલફાઉલ્લાહ. ★**

**જિસ્મમાં તંદુરસ્તી હોવી એક આલિમ વાસ્તે બેહદ કીમતી ચીઝ છે.**

(પેજ નં. ૭નું બાકી) **હિકમતના લોગો....**

આવે છે. હવે જેને uncontrolled diabetes હોય એને રોઝા કરવાથી પરહેઝ કરવો જોઈએ યા ડૉક્ટર જે સલાહ આપે તેમ કરવું જોઈએ.

✱ Obesity (મોટાપો) : ૮ થી ૯ કલાકની ભૂખના સબબ body પોતાનામાં stored કીધેલા glucose ને પચાવે છે. જે liver યા ચરબીમાં હોય છે. આમ થવાથી weight ઘટે છે. Cholesterol ના levels પણ ઘટી જાય છે.

✱ Blood pressure : BP નું વધવું અને ઘટવું તે blood માં રહેલા sodium અને બીજા ખનીજો ના level પર નિર્ભર હોય છે. સહેરી થી ઈફતાર તક ભૂખા અને પ્યાસા રહેવાથી કોઈ ખોરાક યા ખનીજો body માં જતા નથી જેથી રોઝા કરવાથી BP balance માં રહે છે.


✱ Psychology : રમઝાનની discipline યા રોઝા, કોઈ physician યા doctor prescribe નથી કરતો મગર રમઝાન આવવાના હોય તો શબે બરાત પછી મુમેનીન રમઝાનની તૈયારીમાં લાગી જાય છે. દિલ લગાવીને કોઈ ચીઝ કરવાનો મઝા જ કઈ અલગ હોય છે. રમઝાનની હર ચીઝ અપને દિલો દિમાગ લગાવીને પૂરા જોશને સાથે કરીએ છીએ. આ જોશ-will power થી જિસ્મ અને દિમાગમાં અજબ તરાવત-તાઝગી પૈદા થાય છે. અગર એક જ ચીઝ બધા એક જ સાથે મીલીને એક જગામાં કરતા હોય તો એની કોઈ બરાબરી નથી. પોતાના કારોબારનું, કારખાનાનું, દુકાનનું, service નું અને બીજી તમામ ચીઝોનું Timetable મુમેનીન રમઝાનને વાસ્તે set-ગોઠવી લે છે. બધા બિન ઝરૂરી-needless કામોને રમઝાનના Timetable માંથી હટાવી લે છે. ઈન્સાનનો આ મુજબનો will-power બીજી તમામ જિસ્માની તકલીફો પર હાવી થઈ જાય છે.

✱ Youthfulness : ઘણી પુરઅસર કહેવત છે કે, જે શખ્સે જવાનીમાં મહેનત અને મશક્કત કીધી હશે તેને બુઢાપો જલ્દી નહી આવે. રમઝાનના તીસ દિન પણ એક અઝીમ મહેનત અને ઈમ્તેહાનના અય્યામ છે. અગર કોઈ પુરી લગન સાથે આ મહેનત કરે તો એના જિસ્મ મા યા mind માં કોઈ કમ્ઝોરી આવતી નથી. આજના science ને આ સાબિત કીધું છે કે, રોઝા રાખવાથી body પોતાને અંદર જમા થયેલા toxins (ઝહેરીલા પદાર્થો) ને બહાર ફેંકી દે છે.

✱ **આજવા રોડ** :
રવિવાર / બુધવાર : સવારે ૧૦:૩૦ થી ૧૨:૩૦,
જુમોઆ : સાંજે ૫ થી ૮ ★

✱ **જહાંગીર પૂરા**:
મંગલવાર / જુમેરાત / શનિવાર : સવારે ૧૧ થી ૧ ★

✱ **વાસણા રોડ** :
સોમવાર થી જુમેરાત અને
શનિવાર : સાંજે ૫ થી ૮ ★



**નોંધ : મિશ્કાતુલ-હાદી**ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમભાઈ (વડોદરામાં) અને મુલ્લાં સિરાજભાઈ (મુબંઈમાં) થી કારેઈન હાસિલ કરી શકે છે. આ ભાઈઓના ફોન નંબર નીચે આપેલા છે.

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**રૂા. ૬૦ /– (પોસ્ટેજ સાથે)**
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.
મુંબઈમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તરવાલા**
(નફીસ, મુંબઈ) ફોન : ૯૭૬૬૬૯૩૦૬૬. ★

–::: ઝાહેર ખબર :::–

**MAXIM REFRIGERATION**

Repairs & Services of all types of Refrigerators, ACs & Washing machines & Annual Maintenance.

B-10, Vishramnagar Society,
Opp. Taksh Complex, Vasna Road,
Vadodara - 15.

**Mashkur - 9925595229 ★**

---

Ismat Madam's

**GENIUS PERSONAL TUITION CLASS**

Std.10 : Sanskrit, Gujarati, Hindi
(Eng. & Guj. Medium)

**Ismat A. Gulabiwala (M.A., B.Ed.)**

103, Ali Chamber-1, Taiyebi Park,
Ajwa Road, Vadodara - 19.
M.: 9974405146 ★

---

**માસુમા બુટીક**

૧૩-૧૫, સૈ.મુસનજી તાજ સાહેબ શહીદ દરગાહ, પાણીગેટ, વડોદરા - ૧૭.

**દુલ્હન જોડીઓ, નમાઝી તથા ફેન્સી જોડીઓ, કાપડમાં રિદા-કુર્તા-સાયા-સુસી-જાજમ-પડદા-એહરામ-કોટન-વગૈરા, ફેન્સી રિદાઓ અને પંજાબી, મસલ્લા અને હદીયાની અનેક આઇટમો વાજબી ભાવે મળશે.**

ફોન : ૯૯૧૩૭૩૪૮૬૬,
૨૫૧૨૬૩૮, ૨૫૬૦૯૦૯. ★

---

**Arwa I. Boxwala** M.: 9601168812

**Maddona Beauty Parlor**

Specialist in : Bridal Makeup,
Hair Style, Manicure, Pedicure.
Afrin Mehndi Packet
Black & Burgundy Colour.
Mehndi Cone also available.
Saifee Mohalla, Nr.Shraddha Communication, Vorwad, Gendi Gate, VADODARA.★

–::: ઝાહેર ખબર :::–

**IMAGE ACCOUNTANCY**

Ibrahim H. Tinwala
M.: 9898442032

Contact for all types of computer accounting work, sales tax return manual & vat-e-return, CST-e-return & Personal return.

**ZULFI TRAVELS**

Zulfiqarali H. Tinwala
M.: 9974382384 (R) 2510639
Govt.Authorised
IRCTC Railway Agent

Contact for all types of Railway ticket booking, Air & Bus Booking.

**B-203, Sakina Appt., Taiyebi Park Society, Ajwa Road, Vadodara. ★**

---

**ROYAL EVENTS**

Weddings, Birthday Parties, Anniversaries, Brand Promotion, Product Launch, Road Shows, Corporate Events, Conferences, Etc.

**Ali Asgar Lalawala (Clipwala)**
M.: +919825578694
**Lameaa Lalawala (Clipwala)**
M.: +919712997860

C-201, Gulistan Appt., Near Taiyebi Park Society, Ajwa Road, Vadodara-390 019.★

---

**RUBY COLLECTION**

# Fancy Rida # Rida Material # T-shirts # Izaar-payjamas # Fancy Lace # Fancy Jodi

All Types of cotton dresses & materials.

**Address :** Near Sulemani Bank, Opp. MES Girls High School, Gendi Gate, Vadodara. **M.: 9998058057.★**

## -::: ઝાહેર ખબર :::-

### બદરી સ્વીટસ

**અમારે ત્યાં મુંબઇ તથા વડોદરાની પ્રખ્યાત મિઠાઇઓ, ફરસાણ મળશે. લગ્ન તેમજ શુભ પ્રસંગના ઓર્ડર લેવામાં આવશે.**

*૩, અલવી એપાર્ટમેન્ટ, હરણખાના રોડ, પાણીગેટ,* વડોદરા - ૩૯૦ ૦૧૭.

ફોન : ૦૨૬૫-૨૫૬૨૫૭૨ મો.: ૯૫૮૬૮૮૪૭૭૩ ★

### એમ. એમ. ગ્લાસ

**(મોહસીન એસ. સુરતી)**

ફોન : ૨૫૨૧૫૬૯ / ૯૮૨૫૫૫૨૧૫૧

**દરેક પ્રકારના બારી બારણાંના કાચ તથા એલ્યુમિનિયમ સેક્સન બારી-દરવાજા-પાર્ટીશન ના કામ માટે.**

જી-૧, શાલીમાર ફલેટસ, ટેલીફોન એકસચેન્જ, પાણી ની ટાંકી પાસે, આજવા રોડ, વડોદરા. ★


## -::: દુનિયા : ધોકાનો સામાન :::-

દુનિયા એક ધોકો છે પણ ગદ્દાર અને ચાલબાઝો વાસ્તે તે ઘણી સહેલી છે. દુનિયાનું નામ "**દના**" પરથી પડેલું છે તે આખેરતથી ઘણી દૂર અને શરારતો બુરાઈથી ઘણી નઝદીક છે. સાલેહીન માંથી દુનિયાની ગદ્દારી બાબત એક દિલચસ્પ હિકાયત આવેલી છે કે, ત્રણ જાનવરો ઊંટ, ગાય અને ઘેંટુ ચારો ચરવા નીકલા અને ખુલ્લી ઝમીનમાં આવા કે જ્યાં ઘણો જ થોડો ચારો હતો. ત્રણે ત્યાં ઉભા રહ્યા. વહેશી જાનવરના ખૌફથી કોઈ પણ આગલ આવતુ ન હતું. ઘેંટાએ આગલ આવીને મકરબાઝી કીધી. તે કહેવા લાગું કે, હમેં ત્રણ જણમાંથી હું જ આ ચારાને ખાવા હક્કદાર છું. મારી વાતમાં ઈન્સાફ એ છે કે, આપણા ત્રણમાંથી હું ઉંમરમાં મોટો છે, કેમકે હું ઈબ્રાહીમ (અ.સ.) ના ઘેંટા સાથે રહેતો હતો. ગાયએ આ વાત સાંભલીને કહ્યું કે, હું તારા કરતા બુઝુર્ગ છે. જે વક્ત અલ્લાહતઆલાએ હ.આદમ (અ.સ.) ને પૈદા કીધા તો ખેતી કરવા વાસ્તે બે ગાય ને આપી અને હું તે બે માંથી એક છું. ઊંટ સમસમીને બેસી રહે એમ ન હતો. તેએ કહ્યું કે, તમેં બંને આ મોટી ઉંમરમાં એટલો નાનો

*(બકીયાહ પેજ નં. ૧૩ પર)*


## -::: ઝાહેર ખબર :::-

### કલાસિક ફોટો સ્ટુડીઓ

**મોહંમદઅલી કાચવાલા** મો.: ૯૫૫૮૬૪૯૯૭૨

**મઝહરઅલી એમ. કાચવાલા** મો.: ૯૯૦૪૪૭૦૪૯૮

અમારે ત્યાં નીચે જણાવ્યા મુજબના કામ કરી આપવામાં આવશે :

(૧) ડીજીટલ સ્ટુડીઓ ફોટોગ્રાફી (૨) પાસપોર્ટ ફોટો (૩) ઈમીગ્રેશન અને વીઝીટર વીઝા ફોટો (૪) ફોટો એડીટીંગ (૫) વેડીંગ ફોટોગ્રાફી (૬) ચીલ્ડ્રન્સ, ફેમેલી અને ગ્રુપ ફોટોગ્રાફી (૭) ઈન્ડસ્ટ્રીયલ તેમજ પ્રોડક્ટ ફોટોગ્રાફી (૮) કોઈપણ પ્રકારના ફંકશન - પ્રસંગની ફોટોગ્રાફી (૯) રોલ ડેવલોપીંગ અને પ્રિન્ટીંગ (૧૦) ફોટો પ્રિન્ટસ : સી.ડી., મેમરી કાર્ડ, પેન ડ્રાઇવમાંથી (૧૧) પર્સનાલાઈઝડ ગ્રીટીંગ્સ, બર્થડે ઈન્વીટેશન કાર્ડસ, વીઝીટીંગ કાર્ડસ.

➧ ઉવેઝ ચેમ્બર, દુકાન નંબર ૩, સુલેમાની બેંક પાસે, ઝાયકા કેટરર્સની બાજુમાં, સુબ્હાનલ્લાહ હોટેલ સામે, ગેંડીગેટ રોડ, વડોદરા - ૩૯૦ ૦૧૭. ★

**.... કારપેટ .... કારપેટ .... કારપેટ ....**

અમારે ત્યાં નવીન ડિઝાઈન અને કલરમાં દરેક પ્રખ્યાત કંપનીની કારપેટ ખરીદવા માટે પધારો....


### લકી કારપેટ સેન્ટર

C/o. **મહેબૂબભાઇ ભાઇસાહેબ** ફોન : ૨૫૮૦૫૬૬

વાયડા પોલના નાકે, વાડી, ચોખંડી, વડોદરા. ★




## -::: Best Wishes :::-




**Zainab N. Barodawala**
Std.: 4 (97.50%)
Rank : 1st



**Fatema N. Barodawala**
Std.: 7 (94.33%)
Rank : 1st



**Husain K. Mevliwala**
Std.: 4 (92.50%)
Rank : 4th



**Sherebanu N. Padaria**
Std.: 3 (97.20%)
Rank : 1st

All the above students studying in Zenith School has shown excellent performance in their respective classes. Dua-e-khayr with the hope of their bright future and super success. ★

## -::: Best Wishes :::-



Beloved **Sakina,** daughter of **Alfiyah & Altaafhusain Kanjariwala** at he tender age of 2 yrs. 10 mths. had kept fast for the first time on 27th Rajab. The entire family is delighted and congratulate her for her remarkable courage and patience. ★

---



દિકરી **ફાતેમા અબ્બાસઅલી સાલમપાકવાલા** એ રજબુલ મુરજ્જબની ૨૭ મી તારીખ (સવા લાખ મોઅતી) નું રોઝું પોણા બે સાલની ખૂબ નાની ઉમરે રાખું હતું. હમેં અને ઘરના બધા જ અફરાદ આ લાડલીને વાસ્તે બાખુશી દોઆએ ખૈર કરીએ છીએ. ★

## -::: ઈન્તેકાલ પુર મલાલ :::-

| | | |
|---|---|---|
| નામ | : | **જાબિરઅલી બદરૂદ્દીન નવસારીવાલા** |
| સરનામું | : | નવસારી. |
| વફાતની તારીખ | : | ૧૫ શાઅબાન ૧૪૩૧ / ૨૬-૭-૨૦૧૦. |
| ફોન | : | ૯૯૯૮૧૮૨૯૧૬. |

(મુમેનીનને મરહૂમના ફાતેહા પઢવા વાસ્તે ઈલ્તેમાસ છે.)

નોંધ :- જે મુમેનીન આ અખ્બારમાં ફોટા સાથે કોઈ પણ મૌકાની ખબર આપવા માંગતા હોય, તો તેના વાસ્તે રૂા.૭૫/- હદીયો મુકર્રર થયેલો છે. આ ખબરને વેબસાઈટ પર મુકવી હોય તો તેનો અલ-હાદી સાથેનો કુલ હદીયો રૂા.૨૦૦/- રાખવામાં આવો છે. ★

## -::: Best Wishes :::-



Sister **Azbin Maqboolhusain Thakrawala** studying in MSU - Faculty of Tech. & Engineering - Applied Chemistry has secured 71.69% in the Final Exams of M.Sc. held in April 2010. She is also having a distinction of securing 70.15% of marks which is an average of 2 years (M.Sc.) ★

---



Sister **Tarannum Akhtarali Barodawala** studying in Dr. D.Y. Patil University (New Mumbai) has secured 71% of marks in the final year of BAMS (Ayurvedic Doctor) held on Nov 2009. She stood 6th in the university by topping in pediatric subject. ★

---

*(પેજ નં. ૧૨નું બાકી)* ***દુનિયા : ધોકાનો સામાન.....***


જુસ્સો અને બદન (કદો-કામ) રાખો છો, તો સોચો કે મારી ઉંમર કેટલી હશે ? મારો જુસ્સો તો તમારા કરતા ઘણો મોટો છે ! આમ કહીને ઊંટ બધો ચારો ખાઈ ગયો. ખરેખર, દુનિયા તો છેતરામણી છે જ પણ એને હાસિલ કરવા વાસ્તે આજે કેટલા-કેટલા બની આદમ છેતરાય જાય છે એનો કોઈ પાર નથી ! ★

**પરહૈઝગાર ઔલાદ કીમતી વિરાસત છે.**

## -::: લફ્ઝી કશ-મ-કશ :::-

કારેઈન વાસ્તે લફ્ઝી કશ-મ-કશને નવા અંદાઝથી પૈશ કરવામાં આવે છે. આમાં ખાના આપેલા છે જેમાં નંબર મુજબ સવાલ પૂછવામાં આવો છે. દરમિયાનનું ખાનું ખાલી રહેશે અને બાકીના ખાના જવાબ સહી હોવાના સાથે ભરાઈ જશે અને પૂરી તરકીબ મુકમ્મલ થઈ જશે. નીચે આપેલી કશ-મ-કશને સહી તૌર પર પૂરી કરી તેને સિલસિલાવાર લખી પોસ્ટ કાર્ડ યા E-mail યા રૂબરૂ આવી હમારા એડ્રેસ પર આ મહીનાની ૨૦ તારીખ પહેલા મોકલી આપવા ગુઝારિશ છે. કારેઈનમાંથી જેના જવાબો સહી હશે તેમનો ડ્રો કરવામાં આવશે અને તેમાંથી જેનું નામ નીકલશે તે ખુશકિસ્મત નામને હમેં સાચા જવાબો સાથે આવતા શુમારામાં ઝાહિર કરીશું. જવાબ આપનાર પર લાઝિમ છે કે, તે પોતાનું નામ, એડ્રેસ અને ફોન નં. ઝરૂરથી લખી મોકલે.

તો, તૈયાર થઈ જાવ, દિમાગને કસો, કલમને પકડો અને તમારા કિસ્મતના ઘોડાને તૈઝ કરો.....




**ઊભી તરકીબ :**

(૧) શરીઅતનો કોઈ પણ હુકમ હોય, સખ્ત હોય યા નરમ, તેને ----- લાવવો જોઈએ. (૨)

(૨) અલ્લાહતઆલાની બેશુમાર નેઅમતોવાલી જન્નત. (૩)

(૩) ૯ હિ.સ. માં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) જે જંગ વાસ્તે પધારા અને આપે મૌ.અલી (અ.સ.) ને મદીનામાં જ રહેવાનું ફરમાવું. (૩)

(૭) સામાન, તોશો. (૨)

**આડી તરકીબ :**


(૨) આલે મોહંમદ (સ.અ.) ની શફાઅતથી મુમેનીન યૌમે કયામત ------ હાસિલ થાશે. (૩)

(૪) મૌ.ઝયનબ (અ.સ.), મૌ.અલી ઝૈનુલ આબેદીન (અ.સ.) ના ------ થાય છે. (૨)

(૫) દૌરે સતરમાં હક્કના લોગો મઝલૂમ હશે અને ------ લોગોનું ઝોર ઘણું હશે. (૨)

(૬) ------ કરવો, તે તમારા અકલના એક હિસ્સાને મારી નાખે છે. (૩)

**ગયા શુમારાનો ખુલાસો :**




**આ તરકીબનો સહી જવાબ આપનાર : ફરીદાબુ ઇમ્દાદઅલી પાઘડીવાલા.**

★

## -::: હિલાલે રમઝાન :::-

શહરે રમઝાનના હિલાલ તુલૂઅ થયા, રોઝા-નમાઝ વાસ્તે લોગો તૈયાર થયા કે, કોશિશ-તદબીર, મહેનત-મશક્કત કરીને આખેરતને વાસ્તે તોશો તૈયાર કરે, ઝાદુલ મઆદ બનાવે. આલે મોહંમદ (સ.અ.) ને માનનાર મુમેનીન હિલાલને તલાશ કરતા નથી. નબીના ઝમાનમાં નબી, વસીના ઝમાનમાં વસી, ઈમામના ઝમાનમાં ઈમામ અને ઈમામના સતરમાં દાઈ, **મુમેનીનના સાચા-હકીકી હિલાલે અન્વર છે.** તેઓને ૨૯ મી શાઅબાને માથું ઊંચુ કરીને આસ્માન તરફ હિલાલ તલબ કરવાના નથી. એના હિલાલ ઝમીનમાં મૌજૂદ છે જે એલાન કરે છે કે, કાલે પહેલું રોઝું છે અને તીસ અય્યામની પૂરી ગિન્તી બાદ, તેની તકમીલ બાદ, શહરૂલ્લાહની ૩૦ મી રાતે આ હિલાલે અન્વર ઈદુલ ફિતરનું એલાને અઝહર કરે છે. આપ નબી સાહબના મોહંમદી બૈતે શરફમાં રૂહુલ અમીન, કલેમાતે લાહૂતી લઈને પધારતા અને આસ્માનના મલકૂતની ભેદી વાતોના દફતર રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને નઝદીક ખોલતા. એક નબીએ મુબીન અને બીજા રૂહે અમીન, એક-બીજાને મુસાફેહો કરીને મીલતા અને રાત-દિન અલ્લાહનો પૈગામ તકમીલે શરીઅત વાસ્તે ઝમીન પર પહોંચતો. આપ નબી સાહબ ફરમાવતા કે, **હું ઝમીનની ગલીઓ કરતા આસ્માનની ગલીઓ અને ઠેકાણાઓથી વધારે વાકિફ છું.** આપને હિલાલ વાસ્તે આસ્માન ટટોલવાની ઝરૂરત ન હોતી પડતી અને અગર એવા મસ્અલા દરપૈશ આવતા, જેમ અલ્લાહતઆલા ઘણી જગા કુરઆનમાં **"યસ્અલૂનકા"** માં પોતાના નબીને સવાલના જવાબ આપે છે, જે વક્ત લોગો આપને મુખ્તલિફ ચીઝોનો સવાલ કરતા. અલ્લાહના હિલાલે હકીકી લોગોને વાસ્તે વક્ત મુકર્રર કરવાનો ઝરીઓ છે. એક માઅનામાં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) જો આફતાબ-સૂરજ છે તો આપના વસી મૌ.અલી માહતાબ-ચાઁદ છે. શહરૂલ્લાહ ૯ માં મહીના છે. ૯ માં મહીના બાદ માઁ ના પેટના અંધારામાંથી અલીએ આઅલાના ઈમાનદારોને અલ્લાહતઆલા ઈદની ખુશીના નૂરના દાયરામાં દાખિલ કરી દે છે. પોતાના બચ્ચાને જોઈને માઁ ને ઘણી જ મર્સરત હાસિલ થાય છે, પેટનો બોઝ નીકલી જાવાના સબબ એ ખૂબ સુકૂન મહેસૂસ કરે છે તેમ એક મુમિન દુનિયાના બોઝથી આઝાદ થાવા શહરૂલ્લાહના આવવાથી ઘણી ખુશી મહેસૂસ કરે છે. આ શહરે ઈલાહી મિશ્કાતે અન્વર છે. જેની રોશની મુમેનીનના ઘરબારના ગોશામાં ફેલાય છે અને તેની બરકતો સઆદતનું નૂર જહાનમાં આમ થાય છે. ★

**પાની, ઈલ્મ છે, વાદલો દાઅવત છે અને પાકીઝા ઝમીન જ્યાં પાક પાની જમા થાય છે તે મુમિનનું દિલ છે.**